AAU
कृणवन्तो राष्ट्रं कृषिसंपन्नम्

# પશુ પસંદગી








પશુ વિજ્ઞાન કેન્દ્ર, લીમખેડા
આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા - ૩૮૯ ૩૮૦

ઓછાં પણ વધુ દૂધ આપતા જાનવરોએ સફળ ડેરીફાર્મ માટેની આવશ્યક જરૂરિયાત છે. કારણ કે ઓછું દૂધ આપતા અને વધુ દૂધ ઉત્પાદન આપતાં જાનવરોના નિભાવ ખર્ચ કોઈ ઝાઝો તફાવત હોતો નથી. પરંતુ વધુ દૂધ આપતાં જાનવરોને વધારાના દૂધ ઉત્પાદનની જરૂરિયાતને પહોંચી વળવા થોડું વધારાનું દાણ અને સારો ચારો આપવો પડે છે જે આર્થીક રીતે આપણને વધુ વળતર આપે છે.

દૂધાળ જાનવરની પસંદગીની વાત કરીએ ત્યારે સૌથી અગત્યની બાબત તેનું પોતાનું ચાલુ વેતરનું દૈનિક દુધ ઉત્પાદન અને તેની ઉંમર કે વેતરની સંખ્યા છે. જો આ જાણી ન શકાય તેમ હોય તો એનાં પાછલા વેતરના દૂધ ઉત્પાદનના આંકડા જાણીને પણ પસંદગી કરી શકાય. પહેલા કે બીજા વેતરના જાનવરો પર પસંદગી ઉતારવી.

આર્થિક રીતે સંતોષકારક કહી  શકાય તેવો નફો મેળવવો હોય તો દૂધાળ ગાયનું વેતરનું (૩૦૦ દિવસનું દૂધ ઉત્પાદન ૨૫૦૦ કિ.ગ્રા. થી ઓછું ન હોવું જોઈએ. એ જ રીતે ભેંસોમાં પણ ૨૦૦૦ કિ.ગ્રા. ની સરેરાશ તો જળવાવી જ જોઈએ. ઉપરની બાબત સરળ રીતે સમજી શકાય એ રીતે વાત કરીએ તો વિયાણ બાદ ગાય-ભેંસ બે મહિનાની અંદર ખરીદીએ ત્યારે તેનું દૈનિક દૂધ ઉત્પાદન ગાય માટે ૧૨-૧૪ લિટર અને ભેંસ માટે ૯ થી ૧૦ લિટર હોવું જ જોઈએ.

આપણે ત્યાં પશુપાલકો દૂધાળ જાનવરની ખરીદી વખતે જાનવરની કીંમત અને તે કેટલું તગડું-રૂપાળું દેખાય છે. તેને વધું પડતું મહત્વ આપે છે જે બરાબર નથી. આવાં પશુઓ ખરીદીએ ત્યારે પ્રાથમિકતા તેના ચાલુ વેતરના દૂધને અને આગળના વેતરના દૂધ ઉત્પાદનને આપવી જોઈએ. આની સાથે સાથે જાનવરનું કદ, શારિરીક બાંધો, ઉંમર, આઉ-આંચળાના પ્રકાર, ચામડી વગેરેને પણ લક્ષમાં લેવાં વળી જે જાનવર ખરીદીએ તેનો સ્વભાવ, ટેવો, ચારો, ખાવાની રૂચિ પણ ધ્યાનમાં લેવા.

**નસ્લ (ઓલાદ) :**

દેશી ગાયોમાં ગીર, સાહીવાલ, રેડ સિંધી ભેંસોમાં મહેસાણી, જાફરાબાદી, સુરતી, મુરાહ, બન્ની વગેરે ખરીદવી.

સંકર ગાયો વસાવતા હોય તો પણ તે હોલ્સ્ટન, બ્રાઉન સ્વીસ, જર્સી જેવી ચોકકસ એક પરદેશી ઓલાદ સાથે સંવર્ધન કરેલી અને ૫૦ ટકા પરદેશી નસ્લની આનુવંશિકતા (લોહી) ધરાવતી જ પસંદ કરવી.

**શરીરનું કદ :**

દૂધાળ જાનવરની પસંદગીમાં  મધ્યમ કદના (૪૦૦ થી ૪૫૦ કિ.ગ્રા.) વજનના જાનવરો ખૂબ સારી ક્ષમતાથી વધુ અને નફાકારક દૂધ ઉત્પાદન કરી શકે છે. ઘાસચારો અને દાણ-ખાણ ખાવાની રૂચિ અને ધગશ કેવા છે તેની આડકતરી રીતે માહિતી અવશ્ય મેળવી  લેશો જે ભવિષ્યમાં દૂધ વધારવામાં ખૂબ મદદરૂપ નીવડશે. એ તો સમજી શકાય એવી નક્કર હકિકત છે કે જાનવર ખાશે તો દૂધ પેદા કરશે.



**શારીરિક બાંધો :**

ફાચર આકારનું ત્રિકોણાકાર શરીર અને ચરબીવિહીન ચામડીનું સ્તર એ સારા દૂધાળ જાનવરના લક્ષણ છે. ડોક આગળની ચામડીને

ચપટીમાં પકડી ખેંચો અ ને પાતળી જણાય અને ચપટી છોડી દેતાં મૂળ સ્થિતિમાં પાછી આવી જાય તો સમજો કે એ સારૂં દૂધાળ જાવનર છે. સારી દૂધાળ ગાય-ભેંસોને સામાન્ય રીતે તેમને આપેલા ખોરાકનું દૂધમાં જ સંપૂર્ણપણે રૂપાંતર કરતી હોય છે. આથી આવા જાવનરોની ચામડી નીચે ચરબી જામેલી કયારેય જોવા મળતી નથી કે તેઓ અલમસ્ત પણ દેખાતાં નથી, ઉલ્ટાના સાધારણ દુબળા દેખાય છે અને શરીરની પાંસળીઓ બહારથી સ્પષ્ટપણે નજરે ચડે છે.

દૂધાળ ગાય-ભેંસના શારીરિક બાંધાના ખાસ લક્ષણ તરીકે વિચારીએ તો તેમની ડોક લાંબી, પાતળી ચરબીવિહીન હોય છે અને તે શરીરના અન્ય અંગ સાથે સુમેળપૂર્વક જોડાઈ જાય છે. દૂધાળ જાવનરનું માથું જે તે ઓલાદના લક્ષણોને અનુરૂપ હોવું જોઈએ અને શરીરના કદને અનુલક્ષીને સપ્રમાણ હોવું જોઈએ. ચપળ ચમકતી આંખો, પહોળાં નસકોરાં એ સારા દૂધાળ જાનવરની તંદુરસ્તીના લક્ષણ છે.

આગલા બે પગ વચ્ચેનું અંતર વધુ હોય અને છાતીનું પાંજરૂં મોટું હોય. પાછળના ભાગેથી જોઈએ તો આગળના ભાગેથી સાંકડું  અને પહોળી પૂંઠવાળું દેખાવવું જોઈએ. આને ફાચર આકારનું શરીર હોવું જોઈએ.

આજ રીતે દૂધાળ જાનવરને આગળથી જોશો તો ખૂંધ અને આગલા બે પગ વચ્ચે ત્રિકોણ બનશે. ઉપરથી જોશો તો ખૂંધ અને પૂંઠના પાછલા બે હાડકાં વચ્ચે ત્રિકોણ રચાશે અને બાજુએથી જોશો તો ખૂંધ, આઉ અને પૂઠના હાડકાં તે મેળવતાં ત્રિકોણ બનશે. જો આ ત્રણે ત્રિકોણ પહોળા પાયા સાથે રચાય  તો સમજવાનું કે તમે પસંદ કરેલું જાનવર આદર્શ દૂધાળ પશું છે અને તેની ખોરાક લેવાની, દૂધ ઉત્પાદન આપવાની અને પ્રજનન ક્ષમતા એકદમ સારી છે.

**આઉ-આંચળની પસંદગી :**



સારા દૂધાળ જાનવરનું આઉ મોટું અને શરીર સાથે ચૂસ્ત રીતે જોડાયેલું હોવું જોઈએ. આઉ પાછળના ભાગે ઉંચે સુધી અને આગળના ભાગે નાભિ તરફ વિસ્તરેલું પહોળું આવશ્યક છે.

જો આઉમાં દૂધ પેદા કરનાર ગ્રંથિઓની સંખ્યા વધુ હોય તો તેની સંકોચનશીલતા વધુ હોય છે આથી જાનવર પસંદ કરતી વખતે દોહન બાદ આઉ કેટલું સંકોચાય છે તે જોવા ખાસ પ્રયત્ન કરશો. ઘણીવાર ભરાવદાર મોટું આઉ જોઈ આપણે જાનવર ખરીદવા લલચાઈ જઈએ છીએ પરંતુ વધુ પડતી ચરબી કે અન્ય માંસપેશીઓ વધુ પ્રમાણમાં હોય તો પણ આપને ભરાવદાર બાવલું જોવા મળે આથી આવી શંકા દૂર કરવા જાનવર દોહવડાવી આઉ ખરેખર સારું છે કે ભરમાવે એવું છે એતી ખાત્રી થઈ જશે.



ચારે આંચળો એક સરખા મધ્યમ કદના અને સપ્રમાણ ગોઠવાયેલા હોવા જોઈએ અને ચારે આંચળ ચાલુ છે તેની ખાત્રી કરી લેવી. વધુમાં આંચળ કઠણ હોય, દોહવામાં તકલીફ થતી હોય તેમ લાગે તેમ એવા જાનવરની પસંદગી

ટાળશો.

સારા આઉ-આંચળવાળા ગાયોમાં આઉમાંથી નીકળતી નસો જો જાડી અને વાંકીચૂકી હોય તો સમજજો કે એ સારું દૂધાળ જાનવર જરૂરથી છે જ.



દૂધાળ જાનવરોમાં વિવિધ પ્રકારના આઉ-આંચળ હોય છે. આઉના પ્રકારો અંગે વિચારીએ તો મુખ્યત્વે છાલિયા કે વાટકા આકારના, અર્ધગોળાકાર, ટબ આકારના, ખૂબ લબડી ગયેલા બકરીના આઉ જેવા જોવા મળે છે. આમાં છાલિયા આકારના અર્ધગોળાકાર આઉ સારા ગણાય છે અને આવા આઉવાળા જાનવરોની દૂધ ઉત્પાદન ક્ષમતા સારી હોય છે. એ જ પ્રમાણે આંચળમાં પણ નળાકાર, શંકુ આકાર, ભાલાકાર, દૂધની શીશી જેવા મોટાં, અતિશય નાનાં એમ પાંચ આકારના આંચળ હોય છે. જેમા મધ્યમ કદના નળાકાર અને શંકુ આકારનાં આંચળ સારા ગણાય છે.

આઉ-આંચળ અંગે સંક્ષિપ્તમાં એટલે કે ટૂંકમાં કરીએ તો છાલીયા આકારના કે અર્ધગોળાકાર આઉ ધરાવતા અને નળાકાર કે શંકુ આકારના મધ્યમ કદના સરખે અંતરે ગોઠવાયેલા પોચાં આંચળવાળા જાનવરોને પહેલી પસંદગી આપશો તો સારૂં દૂધાળ જાનવર પસંદ કર્યાનો હંમેશને માટે સંતોષ મળશે.

**સ્વભાવ :**

સ્વભાવની રીતે દૂધાળ જાનવરોને આપણે ચાર સ્વભાવની રીતે દૂધાળ જાનવરોને આપણે ચાર વર્ગમાં વહેંચી શકીએ.

(૧) શાંત નમ્ર પ્રકૃતિના

(૨) બેચેન અસ્વસ્થ પ્રકૃતિના

(૩) ભડકણ-બીકણ પ્રકૃતિના

(૪) આક્રમક સ્વભાવના

આ ચારે પ્રકૃતિના શાંત અને નમ્ર પ્રકૃતિના જાનવરો સારામાં સારૂ દૂધ પેદા કરે છે. દોહનાર વ્યક્તિ બદલવાથી કે અજાણી વ્યક્તિના પ્રવેશથી જરાપણ ડરતાં નથી અને કોઈપણ જાતની દખલગીરી વિના કરતા ઉભા રહી દોહવા દે છે.

જયારે ભડકણ-બીકણ પ્રકૃતિના જાવનરો અજાણી વ્યક્તિથી કે અવાજથી પણ ડરી જાય છે. દોહનાર બદલાય તો દોહવા દેતા નથી અને લાત પણ મારે છે. ડરી જવાથી જલ્દી પાનો મૂકતા નથી. દોહવામાં ખૂબ સમય લાગે છે અને દુધ ઉત્પાદન પણ ઓછું આવે છે. આથી આવા જાનવરોની પસંદગી ટાળવી.

આક્રમક સ્વભાવના જાનવરો બીજા સાથી જાનવરોને ખાવા દેતા નથી, અન્ય જાનવરોને ઈજા પહોંચાડે છે. કોઈક કોઈક વાર સાથે કામ કરતા કામદારોને પણ ઈજા પહોંચાડે છે. આથી આવા જાનવરો પણ પસંદ ન કરવા અને હોય તો તત્કાળ નિકાલ કરવો.

**ડો. સફી વહોરા**
**સહ પ્રાધ્યાપક, પશુ વિજ્ઞાન કેન્દ્ર**
**આ.કૃ.યુ, દેવગઢબારીયા**